**અગ્રતા ક્રમ :** **૦૫**

વિભાગ: **ઉદ્યોગ અને ખાણ વિભાગ / ચ શાખા**

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : **૧૫/૪/૭૨૩**

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ **: ૧૩.૦૨.૨૦૨૪**

## પંદરમી ગુજરાત વિધાનસભાનું ચોથું સત્ર

પ્રશ્નનું શીર્ષક :**અમદાવાદ શહેર અને જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની ગુણવતા સુધારણા યોજનાની અરજીઓ**

પ્રશ્ન પૂછનાર માન.સભ્યશ્રી : **ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા**

અને તેમનો મત વિસ્તાર **(જમાલપુર-ખાડીયા)**

## અનુક્રમણિકા


| ક્રમ | પ્રશ્ન | મુખ્ય પેજ |
|---|---|---|
| મૂળ પ્રશ્ન | અમદાવાદ શહેર અને જિલ્લામાં એમ.એસ.એમ.ઇ. એકમોની ગુણવત્તા સુધારણા યોજનાની અરજીઓ | |
| જવાબ | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | |
| | પૂરક નોંધ | |
| | **પુરક પ્રશ્ન** | માન.ધારાસભ્યશ્રીનું નામ |
| પેટા પ્રશ્ન ૧ | સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને માટેની ગુણવત્તા સહાય યોજના શું છે? | શ્રી બાબુસિંહ જાદવ વટવા |
| પેટા પ્રશ્ન ૨ | સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોની વ્યાખ્યા શું છે? | શ્રી બાબુસિંહ જાદવ વટવા |
| પેટા પ્રશ્ન 3 | હાલમાં અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો નોધાયેલ છે? ઉદ્યમ નોંધણીની પ્રક્રીયા અને ઉદ્યમ નોંધણીના ફાયદાઓ અંગે જણાવવા વિનંતી. | શ્રીમતી પાયલબેન કુકરાણી નરોડા |
| પેટા પ્રશ્ન ૪ | ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો માટે કઈ કઈ યોજનાઓ જાહેર કરવામાં આવી હતી? | શ્રીમતી પાયલબેન કુકરાણી નરોડા |
| પેટા પ્રશ્ન ૫ | હાલની સ્થિતીએ ગુજરાતના એમએસએમઇ સેક્ટરની શું સિદ્ધિઓ છે? | શ્રી કનુભાઇ પટેલ સાણંદ |
| પેટા પ્રશ્ન ૬ | ઝીરો ડિફેક્ટ ઝીરો ઈફેક્ટ(ZED) યોજના શું છે? | શ્રી કનુભાઇ પટેલ સાણંદ |
| | તાલુકા કેટેગરી | |

<u>**વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન**</u>

## અમદાવાદ શહેર અને જિલ્લામાં એમ.એઅ.એમ.ઇ .એકમોની ગુણવત્તા સુધારણા યોજનાની અરજીઓ

<u>તારાંકિત પ્રશ્ન</u> <u>ક્રમાંક: પ્ર/</u>

ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/723

વિષય:

અમદાવાદ શહેર અને જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની ગુણવત્તા સુધારણા યોજનાની અરજીઓ

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
| --- | --- | --- |
| 10/01/2024 | તારીખ 07/02/2024 | 22/01/2024 |

*15/4/723 શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા(જમાલપુર-ખાડીયા)

લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ જણાવવા કૃપા કરશે કે:-

માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં માઈક્રો, સ્મોલ એન્ડ મિડીયમ એન્ટરપ્રાઈઝ એકમોને ગુણવત્તા સુધારણા યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું?

----

----

(મુખ્ય પેજ પર જાઓ)

## વિભાગે કરેલ જવાબ

**અમદાવાદ શહેર અને જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની ગુણવતા સુધારણા યોજનાની અરજીઓ**

*** 15/4/723: શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા(જમાલપુર–ખાડીયા): માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં માઈક્રો, સ્મોલ એન્ડ મિડીયમ એન્ટરપ્રાઈઝ એકમોને ગુણવતા સુધારણા યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૨) ઉકત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧)

| સમયગાળો | અમદાવાદ શહેર અને જીલ્લામાં કુલ મંજૂર થયેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| ૦૧/૦૧/૨૦૨૨ થી ૩૧/૧૨/૨૦૨૩ | ૪૪ |

(૨)

| સમયગાળો | ચુકવણું કરેલ કુલ એકમોની સંખ્યા | કુલ ચુકવણું કરવામાં આવેલ રકમ (રૂ લાખમાં) |
|---|---|---|
| ૦૧/૦૧/૨૦૨૨ થી ૩૧/૧૨/૨૦૨૩ | ૪૨ | ૧૪૯.૬૪ |

**બાકી રહેલ બે એકમને સહાયનં ચકવણી તા.૦૯/૦૨/૨૦૨૪ના રોજ થઇ ગયેલ છે.**

જવાબ આપવાની તારીખ: તા.૧૩/૦૨/૨૦૨૪.

વસપ/૧૦૨૦૨૪/તા.પ્ર–૧૦–૧૫/૪/૭૨૩/ચ
ગુજરાત સરકાર,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: 6 FEB 2024

પ્રતિ,
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર તરફ ગુજરાત વિધાનસભા સચિવાલયના તા.૨૨/૦૧/૨૦૨૪ના તારાંકિત પ્રશ્ન ક્રમાંક:*૧૫/૪/૭૨૩ અનુસંધાને વધારાની ત્રણ નકલો સહિત.

(જે.બી.પટેલ)
સયુંકત સચિવ(ઉદ્યોગ)
ઉદ્યોગ અને ખાણ વિભાગ

**નકલ રવાના:-**

**(૧) જ શાખા, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.**
**(૨) સિલેકટ ફાઈલ.**

(મુખ્ય પેજ પર જાઓ)

**પ્રશ્નનું મુખ્ય હાર્દ:**

**પ્રસ્તુત વિધાનસભા પ્રશ્ન અમદાવાદ શહેર અને જિલ્લામાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમોને ગુણવતા સુધારણા યોજના અંગેનો છે.**

- આવનાર સમયમાં એમએસએમઇ એકમો ૨૧મી સદીમાં વૈશ્વિક સ્પર્ધાત્મક વાતાવરણમાં ટકી શકે અને ગુણવત્તા યુક્ત પ્રોડક્ટ રજુ કરી શકે તે માટે સરકાર ચિંતિત છે.
- આ હેતુ પૂર્ણ કરવા માટે રાજ્ય સરકારશ્રીએ ગુણવત્તા સહાય યોજના અમલમાં મૂકેલ છે.
- ગુણવત્તા સુધારણા યોજનામાં બે પેટા યોજનાનો સમાવેશ થાય છે.

**(૧) ઈઆરપી (એન્ટરપ્રાઈઝ રીસોર્સ પ્લાનિંગ) માટેની સહાય યોજના:**

- એમ.એસ.એમ.ઇ. એકમો દ્વારા એન્ટરપ્રાઇઝ રીસોર્સ પ્લાનીંગ (ઇ.આર.પી.) સોફ્ટવેર ઇન્સ્ટોલ કરી આયોજનપૂર્વક ઉત્પાદન થાય તે હેતુથી ઔદ્યોગીક નીતિ હેઠળ એમ.એસ.એમ.ઇ. એકમોને ઇ.આર.પી સોફ્ટવેર ઇન્સ્ટોલ કરવાના કુલ ખર્ચના ૬૫% અથવા મહત્તમ રૂા.૧ લાખ/-(એક લાખ રૂપીયા)ની મર્યાદામાં સહાય આપવામાં આવે છે.

**(૨) ગુણવત્તા પ્રમાણપત્ર માટેની સહાય યોજના:**

- એમ.એસ.એમ.ઇ .એકમો દ્વારા ઉત્પાદિત પ્રોડકટની ગુણવતામાં સુધારો થાય તે હેતુથી ઔદ્યોગીક નીતિ હેઠળ એમ.એસ.એમ.ઇ .એકમોને ગુણવતા પ્રમાણપત્ર માટે ફી તથા સાધનોની ખરીદી માટે કુલ ખર્ચના ૫૦ ટકા લેખે અથવા મહત્તમ રૂા.૧૦ લાખની મર્યાદામાં સહાય આપવામાં આવે છે.

| ગુણવત્તા પ્રમાણપત્ર માટે સહાય | | |
|---|---|---|
| સાધનો માટે સહાય | પ્રમાણપત્ર માટે સહાય | કુલ મળવાપાત્ર સહાય |
| ખર્ચના ૫૦% લેખે | ખર્ચના ૫૦% લેખે | રૂ. ૧૦ લાખ |

(મુખ્ય પેજ પર જાઓ)

## પૂરક નોંધ:

- સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો (MSME) એ ગુજરાતના આર્થિક અને સામાજિક વિકાસમાં કરોડરજ્જુ સમાન છે.
- એમએસએમઈ ઉદ્યોગો રાજયની રોજગારી માટેનો એક મોટો સ્રોત છે અને એમએસએમઈ એકમો ઓછા મૂડીરોકાણથી વધુ રોજગારી પૂરી પાડે છે. એમએસએમઈ એકમો ઔદ્યોગિક ઈકો સિસ્ટમનો એક મહત્વપૂર્ણ હિસ્સો છે.
- ગુજરાત રાજ્યનું ઉદ્યોગ સાહસિકો પ્રત્યે ઉદાર વલણ અને તેમના વિકાસ માટેની દૂરદ્રષ્ટિના પ્રતાપે જ આજે ગુજરાતમાં ૧૬ લાખ કરતા પણ વધુ ઉદ્યોગો, ઉદ્યમ નોંધણી ધરાવે છે. અને રાજ્યના સુરત અને અમદાવાદ દેશભરમાં, સૌથી વધુ ઉદ્યમ પ્રમાણપત્ર ધરાવતા ટોપ ૧૦ શહેરોમાં સમાવેશ થાય છે.
- ગુજરાત સરકારે ઔદ્યોગિક નીતિ-૨૦૧૫, ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અને હવે તાજેતરમાં આત્મનિર્ભર ગુજરાત યોજના અંતર્ગત એમ.એસ.એમ.ઈ. એકમોને આર્થિક લાભો મળી રહે તે સુનિશ્ચિત કરેલ છે.
- આ લાભો માં કેપિટલ સહાય, વ્યાજ સહાય, નેટ એસ જી એસ ટી(SGST) સહાય, ઇપીએફ (EPF) ચુકવણામાં સહાય, ગુણવત્તા પ્રમાણપાત્રો લેવામાં સહાય, ઝીરો ડિફેક્ટ ઝીરો ઇફેક્ટ પ્રમાણપત્ર મેળવવામાં સહાય, ઇન્ફોરમેશન અને કૉમ્યૂનિકેશન ટેક્નોલોજીના સાધનો વસાવવામાં સહાય, નવી ટેક્નોલોજી વસાવવામાં સહાય, પેટન્ટની નોંધણી માટે સહાય, કોલેટરલ ફ્રી લોન લેવામાટે ચુકવેલ ફીમાં સહાય વગેરે જેવી આર્થિક સહાયો આપવામાં આવે છે.
- કેપિટલ સહાય યોજના અંતર્ગત સૂક્ષ્મ એમ.એસ.એમ.ઈ. એકમોએ લીધેલ ટર્મ લોનના ૨૫% સુધી (તાલુકા કેટેગરી પ્રમાણે) મહત્તમ ૩૫ લાખની મર્યાદામાં સહાયની જોગવાઈ છે.
- વ્યાજ સહાય યોજના અંતર્ગત એમ.એસ.એમ.ઈ. એકમોને લીધેલ ટર્મ લોનના ૭% સુધી (તાલુકા કેટેગરી પ્રમાણે) અને મહત્તમ ૩૫ લાખ પ્રતિ વર્ષની મર્યાદામાં સહાયની જોગવાઈ છે.
- નેટ એસ જી એસ ટી (SGST) સહાય અંતર્ગત ફિક્સ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટના ૭.૫% પ્રતિ વર્ષ લેખે ૧૦ વર્ષ માટે ૧૦૦% સુધી (તાલુકા કેટેગરી પ્રમાણે) ચુકવેલ નેટ SGST ની સહાયની જોગવાઈ છે.
- EPF સહાય અંતર્ગત એકમ દ્વારા નવી રોજગારી ઉભી કરવા પર એકમને તે કામદારના EPF પેટે મહત્તમ રૂ. ૧૮૦૦ પ્રતિમાસ સુધીની જોગવાઈ છે.
- એકમ દ્વારા ગુણવત્તા પ્રમાણપત્રો મેળવવામાં આવે તેવા કિસ્સામાં થયેલ ખર્ચના ૫૦% અને મહત્તમ રૂ. ૧૦ લાખ સુધીની સહાયની જોગવાઈ છે.

- ઝીરો ડિફેક્ટ ઝીરો ઇફેક્ટ પ્રમાણપત્ર મેળવવામાં એકમને થયેલ ખર્ચના ૫૦% અને મહત્તમ રૂ. ૫૦ હજાર સુધીની સહાયની જોગવાઈ છે.
- ઇન્ફોરમેશન અને કૉમ્યૂનિકેશન ટેક્નોલોજીના સાધનો વસાવવામાં એકમને થયેલ ખર્ચના ૬૫% અને મહત્તમ રૂ. ૫ લાખ  સુધીની સહાયની જોગવાઈ છે.
- નવી ટેક્નોલોજી વસાવવામાં એકમને થયેલ ખર્ચના ૬૫% અને મહત્તમ રૂ. ૫૦ લાખ  સુધીની સહાયની જોગવાઈ છે.
- જો એકમ કોઈ પેટન્ટની નોંધણી કરાવે તેવા કિસ્સામાં થયેલ ખર્ચ ના ૭૫% સુધી રૂ. ૨૫ લાખની મર્યાદામાં સહાયની જોગવાઈ છે.
- SME એક્ષ્ચેન્જ પ્લેટફોર્મ પર લિસ્ટિંગ થનાર ઉત્પાદન કરતાં એકમોને પ્રોત્સહિત કરવા SME એક્ષ્ચેન્જ પ્લેટફોર્મ પર લિસ્ટિંગ માટે થનાર ખર્ચના ૨૫% સુધીના અને મહત્તમ ૫ લાખ સુધીની સહાય આપવામાં આવશે.
- કોલેટરલ ફ્રી લોન મેળવવા એમ.એસ.એમ.ઈ. એકમ દ્વારા ચુકવવામાં આવેલ ફીની રકમના ૧૦૦%ની સહાયની જોગવાઈ છે.
- આ ઉપરાંત એકમને પાવર કનેકશન લેવામાં થયેલ ખર્ચ, એનર્જી અને વોટર ઓડિટ પેટે થયેલ ખર્ચ, ભાડાના એકમો દ્વારા ભરેલ ભાડા ઉપર પણ સહાયની જોગવાઈ આ યોજના હેઠળ આપવામાં આવે છે.
- સરકારની ઉદ્યોગ લક્ષી નીતિઓ અને ઔદ્યોગિક ઈકોસિસ્ટમને સતત  વિકસિત કરવાની ઈચ્છાશક્તિ થકી જ આજે ગુજરાત રાજ્ય ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસમાં ટોપ એચીવેરનું સ્થાન પ્રાપ્ત કરેલ છે.
- ગુજરાત રાજ્ય ઝીરો ડિફેક્ટ ઝીરો ઇફેક્ટ(ZED) પ્રમાણપત્રમાં પ્રથમ સ્થાન ધરાવે છે.
- ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ અને ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ એમ.એસ.એમ.ઈ. એકમોને વિવિધ યોજનાઓ થકી રૂ. ૧૦ હજાર કરોડ(દસ હજાર કરોડ) થી વધુની સહાય ચુકવવામાં આવેલ છે જેનો લાભ ગુજરાતના મહત્તમ એમ.એસ.એમ.ઈ. એકમોને  મળેલ છે. આ યોજના થકી એમએસએમઇ એકમો દ્વારા જ રાજ્યમાં રૂ. ૬૦ હજાર કરોડ (સાઇઠ હજાર કરોડ) કરતા વધુનું ઔદ્યોગિક મૂડી રોકાણ થવા પામેલ છે.

- તા.૦૧/૦૧/૨૦૨૨ થી ૩૧/૧૨/૨૦૨૩ દરમિયાન અરજીઓની વિગત

| યોજનાનું નામ | મળેલ કુલ અરજીઓ | મંજુર થયેલ અરજીઓ | નામંજુર અરજીઓ | અરજદાર કક્ષાએ પડતર | કચેરી કક્ષાએ પડતર |
|---|---|---|---|---|---|
| ઇ.આર.પી. | ૪૦ | ૧૫ | ૦૨ | ૧૮ | ૦૫ |
| ગુણવત્તા સર્ટીફિકેશન | ૯૨ | ૨૯ | ૧૯ | ૩૭ | ૦૭ |
| કુલ | ૧૩૨ | ૪૪ | ૨૧ | ૫૫ | ૧૨ |

**અરજી નામંજૂર થવાના સામાન્ય કારણો નીચે મુજબ છે.**

- એકમ એમએસએમઈની વ્યાખ્યામાં આવતું ન હોઈ,
- એકમ દ્વારા લેવામાં આવેલ ગુણવત્તા પ્રમાણપત્ર રીન્યુઅલ હોય
- એકમ દ્વારા સમયમર્યાદામાં અરજી કરેલ ન હોય
- એકમ દ્વારા લેવામાં આવેલ ગુણવત્તા પ્રમાણપત્ર ફરજીયાત હોય
- નોટીફાઈડ બોડી દ્વારા ગુણવત્તા પ્રમાણપત્ર કરવામાં ઈસ્યું કરવામાં આવેલ ન હોય
- યોજનાની ચેકલિસ્ટ મુજબ એકમે ડોક્યુમેન્ટ જમા કરાવેલ ના હોય

❖ **તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૩ દરમિયાન અમદાવાદ જિલ્લામાં ગુણવત્તા સહાય યોજના અન્વયે ચુકવેલ એકમોની સંખ્યા અને સહાયની રકમ**

| ક્રમ | કેટેગરી | સહાય ચુકવેલ એકમોની સંખ્યા | કૂલ ચુકવેલ સહાયની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | માઇક્રો | ૧૪ | ૩૭.૯૪ |
| ૨ | સ્મોલ | ૨૫ | ૮૮.૧૩ |
| ૩ | મીડીયમ | ૦૩ | ૨૩.૫૭ |
| | કુલ | ૪૨ | ૧૪૯.૬૪ |

( આશરે રૂપિયા દોઢ કરોડ)

❖ બાકી રહેલ બે એકમને સહાયનું ચુકવણી તા.૦૯/૦૨/૨૦૨૪ના રોજ થઇ ગયેલ છે .

| | |
|---|---|
| **અગ્રતા ક્રમાંક: ૦૫**<br>**ગુજરાત વિધાનસભા તારાકિત પ્રશ્ન ક્રમાંક- ૧૫/૪/૭૨૩** | |
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી :** | **શ્રી બાબુસિંહ જાદવ વટવા** |
| | |
| પેટા પ્રશ્ન : ૧ | **સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને માટેની ગુણવત્તા સહાય યોજના શું છે?** |

**જવાબ**

એમએસએમઈ એકમો વૈશ્વિક સ્પર્ધાત્મક વાતાવરણમાં ગુણવત્તાયુક્ત પ્રોડક્ટ રજુ કરી શકે તે અને એમએસએમઈ એકમો ગુણવત્તા સર્ટીફિકેટ મેળવી શકે તે માટે ગુણવત્તા સહાય યોજના અમલમાં મુકવામાં આવી છે.

ગુણવત્તા સહાય યોજનામાં બે પેટા યોજનાઓનો સમાવેશ થાય છે.

**(૧) ઈઆરપી (એન્ટરપ્રાઈઝ રીસોર્સ પ્લાનિંગ) માટેની સહાય યોજના:**

- એમએસએમઈ એકમોને ઇઆરપી સોફ્ટવેર વસાવવા માટેના મુડી ખર્ચના ૬૫ ટકા લેખે મહત્તમ રૂ.૧.૦૦ લાખની મર્યાદામાં સહાય મળશે.
- ઈઆરપીના મોડ્યુલ જેવા કે ઉત્પાદન, વેચાણ-ખરીદ, માનવ સંસાધન વગેરે માટે સહાય આપવામાં આવે છે.

**(૨) ગુણવત્તા પ્રમાણપત્ર માટેની સહાય યોજના:**

- ગુણવતા પ્રમાણપત્ર પ્રાપ્ત કરવા માટેના ખર્ચના ૫૦ ટકા લેખે અને તે સર્ટીફિકેટ માટે જરૂરી હોય તેવા ટેસ્ટીંગ સાધનો અને મશીનરી માટેના ખર્ચના ૫૦% લેખે મહત્તમ રૂ.૧૦.૦૦ લાખ (રૂ.દસ લાખ)ની મર્યાદામાં એમએસએમઈ એકમોને સહાય આપવામાં આવે છે.

| ગુણવત્તા પ્રમાણપત્ર માટે સહાય | | |
|---|---|---|
| સાધનો માટે સહાય | પ્રમાણપત્ર માટે સહાય | કુલ મળવાપાત્ર સહાય |
| ખર્ચના ૫૦% લેખે | ખર્ચના ૫૦% લેખે | રૂ. ૧૦ લાખ |

- પ્રમાણપત્રના કુલ ખર્ચામાં એજન્સી દ્વારા વસુલ કરાયેલ ફીનો પણ સમાવેશ થશે.(જેમાં મુસાફરી ખર્ચ હોટલ ખર્ચ અને સર્વેલન્સ ખર્ચાનો સમાવેશ થશે નહિ)
- પ્રમાણપત્ર પ્રાપ્ત કરવા માટે જે સાધનો જરૂરી હોય તેના પર સહાય મળવાપાત્ર થશે.
- જો કોઇ કાયદાકીય જોગવાઇઓ હેઠળ ગુણવતા પ્રમાણપત્ર પ્રાપ્ત કરવા આવશ્યક હોય તેવા પ્રમાણપત્ર તેમજ નવીકરણ માટે સહાય મળવાપાત્ર થશે નહી.
- ગુણવતા પ્રમાણપત્ર મેળવ્યા બાદ જો સાધનો ખરીદવામાં આવશે તો તે ખર્ચ સહાય પાત્ર રહેશે નહી.

**અગ્રતા ક્રમાંક: ૦૫**

**ગુજરાત વિધાનસભા તારાકિત પ્રશ્ન ક્રમાંક- ૧૫/૪/૭૨૩**

**પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી બાબુસિંહ જાદવ વટવા**

**પેટા પ્રશ્ન: ૨**

**સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોની વ્યાખ્યા શું છે?**

**જવાબ**

**એમએસએમઇ (એમએસએમઈ)ની વ્યાખ્યા**

- સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગની વ્યાખ્યા રોકાણ અને ટર્ન ઓવરનાં સંયુક્ત માપદંડને આધારીત એકમોને વર્ગીકૃત કરવામાં આવ્યા છે.
- વ્યાખ્યામાં મેન્યુફેક્ચરીંગ અને સર્વિસ એકમોના વર્ગીકરણ માટે એક જ માપદંડ રાખવામાં આવેલ છે.

| | **મેન્યુફેક્ચરીંગ અને સર્વીસ સેક્ટર (સંયુકત)** |
|---|---|
| **સુક્ષ્મ એકમ** | પ્લાન્ટ, મશીનરી અને ઇક્વીપમેન્ટમાં થયેલ કુલ મૂડીરોકાણ રૂ ૧ કરોડથી વધુ ન હોય અને ટર્નઓવર રૂ. ૫ કરોડથી વધુ ન હોય. |
| **લઘુ એકમ** | પ્લાન્ટ, મશીનરી અને ઇક્વીપમેન્ટમાં થયેલ કુલ મૂડીરોકાણ રૂ.૧૦ કરોડથી વધુ ન હોય અને ટર્નઓવર રૂ. ૫૦ કરોડથી વધુ ન હોય |
| **મધ્યમ એકમ** | પ્લાન્ટ, મશીનરી અને ઇક્વીપમેન્ટમાં થયેલ કુલ મૂડીરોકાણ રૂ. ૫૦ કરોડથી વધુ ન હોય ટર્નઓવર રૂ. ૨૫૦ કરોડથી વધુ ન હોય. |

(મુખ્ય પેજ પર જાઓ)

| અગ્રતા ક્રમાંક: ૦૫<br>ગુજરાત વિધાનસભા તારાકિત પ્રશ્ન ક્રમાંક- ૧૫/૪/૭૨૩ | |
|---|---|
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : | શ્રીમતી પાયલબેન કુકરાણી નરોડા |
| | |
| પેટા પ્રશ્ન: 3 | હાલમાં અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો નોધાયેલ છે? ઉદ્યમ નોંધણીની પ્રક્રીયા અને ઉદ્યમ નોંધણીના ફાયદાઓ અંગે જણાવવા વિનંતી. |

**જવાબ**

**અમદાવાદ જિલ્લામાં નોંધાયેલા એકમોની વિગત (૦૬/૦૨/૨૦૨૪ની સ્થિતિએ)**

| ક્રમ | કુલ ઉદ્યમ નોંધણી | સૂક્ષ્મ | લઘુ | મધ્યમ |
|---|---|---|---|---|
| ૧ | ૩,૫૪,૧૭૮ (ત્રણ લાખ ચોપન હજાર એકસો ઈઠ્ઠોતેર) | ૩,૩૬,૦૫૫ (ત્રણ લાખ છત્રીસ હજાર પંચાવન) | ૧૬,૨૪૩ (સોળ હજાર બસો તેત્તાળીસ) | ૧,૮૮૦ (એક હજાર આઠસો એંશી) |

- **નોંધણી પ્રક્રિયા**
  - ભારત સરકારના ઉદ્યમ નોંધણી પોર્ટલ પર ઓનલાઈન સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોની નોધણી કરવામાં આવે છે.
  - કોઈપણ ઉત્પાદન અને સેવા આપતા એકમો ઉદ્યમ નોંધણી મેળવી શકે છે. જે ઉદ્યમ નોંધણી પોર્ટલ ઉપર સરળતાથી નોંધણી કરાવી શકે છે.
  - ઉદ્યમ નોંધણી માટેની પ્રક્રિયા સંપૂર્ણ પેપરલેસ છે. તે માટે કોઈપણ પ્રકારનાં દસ્તાવેજ અપલોડ કરવાની જરૂર નથી.
  - ઉદ્યમ નોંધણી કરવા માટે કોઈ ફી નથી.

- **ઉદ્યમ નોંધણી લેવાનાં ફાયદા :**
  - ઉદ્યમ નોંધણી એ એકમો માટે મૂળભૂત ઓળખ અને કાયમી નોંધણી હશે.
  - એમ.એસ.એમ.ઇ. ઉદ્યમ નોંધણીને કાગળ વીના અને સ્વઘોષિત માહિતી આધારીત છે.
  - આ નોંધણી માટે રીન્યુઅલની જરૂર રહેશે નહી.
  - એકમોની ઉત્પાદન અથવા સેવા અથવા બંને સહિતની કોઈપણ પ્રવૃત્તિઓ (એક અથવા એકથી વધારે) ઉલ્લેખ નોંધણી વખતે કરી શકાય છે.

| | |
|---|---|
| | • ઉદ્યમ નોંધણીની સાથે સાથે એકમો ગર્વમેન્ટ ઈ-માર્કેટ અને સમાધાન પોર્ટલનો લાભ મેળવી શકશે.<br>• એકમોને ઉધમ નોંધણી દ્વારા એમ.એસ.એમ.ઈની ભારત સરકારની અને ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત લાભ મેળવી શકે છે અને વધારામાં સરકારી ટેન્ડર તથા વિલંબિત ચુકવણીનાં કેસોમાં મદદ મેળવી શકે છે.<br>• સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને બેંક દ્વારા અપાતી લોન આરબીઆઈના નિયમો મુજબ પ્રાયોરીટી સેક્ટર લેન્ડિંગમાં ગણના થતી હોય, એમએસએમઈ એકમોને ઓછા વ્યાજ દરે અને ઝડપી લોન મેળવી શકે છે. |

(મુખ્ય પેજ પર જાઓ)

અગ્રતા ક્રમાંક: ૦૫

ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક- ૧૫/૪/૭૨૩

| | |
|---|---|
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : | શ્રીમતી પાયલબેન કુકરાણી નરોડા |
| | |
| પેટા પ્રશ્ન : ૪ | ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો માટે કઈ કઈ યોજનાઓ જાહેર કરવામાં આવી હતી? |
| જવાબ | • એમએસએમઈ એકમો માટે નીચે મુજબની યોજનાઓ જાહેર કરવામાં આવી હતી. |

| | | |
|---|---|---|
| ૧ | કેપીટલ સહાય યોજના | કેટેગરી-૧: ટર્મલોન રકમનાં ૨૫% અને મહત્તમ રૂ. ૩૫/- લાખ<br>કેટેગરી-૨: ટર્મલોન રકમનાં ૨૦% અને મહત્તમ રૂ. ૩૦/- લાખ<br>કેટેગરી-૩: ટર્મલોન રકમનાં ૧૦% અને મહત્તમ રૂ. ૧૦/- લાખ |
| ૨ | વ્યાજ સહાય યોજના | કેટેગરી-૧: ટર્મલોન ઉપર ૭% પ્રમાણે વ્યાજસહાય મહત્તમ રૂ.૩૫/- લાખ/પ્રતિવર્ષની મર્યાદામાં ૭ વર્ષ માટે<br>કેટેગરી-૨: ટર્મલોન ઉપર ૬% પ્રમાણે વ્યાજસહાય મહત્તમ રૂ.૩૦/- લાખ/પ્રતિવર્ષની મર્યાદામાં ૬ વર્ષ માટે<br>કેટેગરી-૩: ટર્મલોન ઉપર ૫ %પ્રમાણે વ્યાજસહાય મહત્તમ રૂ.૨૫/-લાખ/પ્રતિવર્ષની મર્યાદામાં ૫ વર્ષ માટે |
| ૩ | ગુણવત્તા સહાય યોજના | • પ્રમાણપત્ર મેળવવાની ફી ના ખર્ચના ૫૦% અને ટેસ્ટીંગ સાધનો તથા મશીનરી વસાવવાના ખર્ચના ૫૦% બંને મળી મહત્તમ રૂા. ૧૦.૦૦ લાખ.<br>• ઈઆરપી વસાવવાના મૂડીરોકાણનાં મહતમ ૬૫% રૂા. ૧.૦૦ લાખની મર્યાદામાં |

| | | |
|---|---|---|
| ૪ | ઝેડ પ્રમાણપત્ર સહાય માટેની યોજના | ઝેડ પ્રમાણપત્ર મેળવવા માટે ભારત સરકારની સહાય બાદ કર્યા પછીના ખર્ચના ૫૦% લેખે મહત્તમ રૂા. ૫૦ હજારની સહાય. |
| ૫ | ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેક્નોલોજી માટેની સહાય યોજના | આઈસીટી સવલત સંબંધીત મૂડીખર્ચ ૬૫%ના ધોરણે વધુમાં વધુ રૂા.પાંચ લાખની મર્યાદામાં. |
| ૬ | ટેકનોલોજી વસાવવા માટે સહાય યોજના | પ્રથમ બે વર્ષની રોયલ્ટી સહિતની ટેક્નોલોજી ખરીદવા માટે ચૂકવેલ રકમનાં ૬૫% સહાય મહત્તમ રૂ.૫૦/- લાખની મર્યાદામાં |
| ૭ | પેટન્ટ રજીસ્ટ્રેશન સહાય યોજના | પેટન્ટ માટે થયેલ ખર્ચના ૭૫% લેખે મહત્તમ રૂ.૨૫/- લાખની મર્યાદામાં સહાય. |
| ૮ | વિજળી અને પાણીના વપરાશની બચત અંગેની સહાય યોજના | • માન્ય સંસ્થા અથવા કન્સલ્ટન્ટ દ્વારા થયેલ એનર્જી વોટર ઓડીટની ૭૫% લેખે રૂ.૫૦/- હજારની મર્યાદામાં<br>• સાધનની કિંમતના ૨૫% લેખે વધુમાં વધુ રૂા.૨૦/- લાખની મર્યાદામાં |
| ૯ | એસએમઈ એક્સચેન્જ દ્વારા મૂડી ઉભી કરવા માટેની સહાય યોજના | આઈપીઓ માટે ખર્ચના ૨૫% લેખે મહત્તમ રૂ.૫/-લાખની મર્યાદામાં સહાય. |
| ૧૦ | સીજીટીએમએસઇ ફીની ભરપાઈ માટેની યોજના | બેંક/નાણાંકીય સંસ્થા દ્વારા કોલેટરલ ફ્રી ટર્મ લોન માટે વસુલ કરવામાં આવેલ ફીની રકમનાં ૧૦૦% સહાય.(પાંચ વર્ષ માટે) |
| ૧૧ | પાવર કનેક્શન ચાર્જમાં રાહત માટેની યોજના | એલટી/એચટી(LT/HT) પાવર કનેક્શન મેળવવા માટે થયેલ ખર્ચના ૩૫% લેખે મહત્તમ રૂ.૫.00/-લાખની મર્યાદામાં સહાય. |
| ૧૨ | સુક્ષ્મ અને લઘુ ઉદ્યોગોને ભાડામાં સહાય માટેની યોજના | ઉદ્યોગકાર દ્વારા ચુકવેલ ભાડાનાં ૬૫% લેખે મહત્તમ રૂ.૧.00 લાખ પ્રતિ વર્ષની મર્યાદામાં સહાય.<br>સહાય પાંચ વર્ષ માટે ચુકવવામાં આવશે. |

(મુખ્ય પેજ પર જાઓ)

| અગ્રતા ક્રમાંક: ૦૫<br>ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક- ૧૫/૪/૭૨૩ | |
|---|---|
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : **શ્રી કનુભાઇ પટેલ સાણંદ** | |
| | |
| પેટા પ્રશ્ન : ૫ | **હાલની સ્થિતીએ ગુજરાતના એમએસએમઇ સેક્ટરની શું સિદ્ધિઓ છે?** |
| જવાબ | તા.૦૬/૦૨/૨૦૨૪ની સ્થિતીએ ગુજરાત રાજ્યમાં કુલ ૧૬,૫૮,૪૫૦ (સોળ લાખ અઠ્ઠાવન હજાર ચારસો પચાસ) ઉદ્યમ નોંધાયેલ છે. એમએસએમઇ(MSME) ઉદ્યમ નોંધણીમાં ગુજરાત દેશભરમાં પાંચમા ક્રમે છે.<br><br>• એમએસએમઈ સામૂહિક રીતે ૯૦ લાખથી વધુ લોકોને રોજગાર પ્રદાન કરે છે. જેમાં ૯૫% સૂક્ષ્મ, ૪% નાના અને ૧% મધ્યમ ઉદ્યોગો હાલમાં કાર્યરત છે. હાલમાં એમએસએમઈ એકમો મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં ૪૦% અને સર્વિસ ક્ષેત્રમાં ૬૦% વર્ગીકૃત છે.<br><br>• એમએસએમઇ(MSME) ઉદ્યમ નોંધણીમાં કુલ. બે લાખથી વધારે મહિલા ઉદ્યોગ સાહસિકો નોંધાયેલ છે તથા મહિલા ઉદ્યોગ સાહસિકોની નોંધણીમાં ગુજરાત પાંચમાં ક્રમે છે.<br><br>• ઉદ્યમ નોંધણીમાં ગુજરાતના બે જિલ્લા અમદાવાદ અને સુરતનો ભારતના પ્રથમ દસ જિલ્લાઓમાં સમાવેશ થાય છે.<br><br>• સમગ્ર દેશમાં ZED (ઝીરો ડીફેક્ટ ઝીરો ઈફેક્ટ પ્રમાણપત્ર) મેળવવામાં ગુજરાત હાલમાં પ્રથમ સ્થાન ધરાવે છે. તા.૦૬/૦૨/૨૦૨૪ની સ્થિતીએ ગુજરાત રાજ્યના ૨૯૫૦૦ થી વધુ એકમોએ ZED પ્રમાણપત્ર મેળવેલ છે. જે અંતર્ગત તમામ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો ZED સર્ટીફિકેટ માટે એમએસએમઈને મદદગાર થઈ રહ્યા છે.<br><br>• એમએસએમઇ-વિકાસ કાયદા અન્વયે વિલંબિત ચુકવણાના કેસોના ઝડપી નિકાલ માટે અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ભાવનગર જિલ્લામાં રિઝનલ કાઉન્સિલની સ્થાપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.<br><br>• એમએસએમઇ(MSME) એકમોને સી.જી.ટી.એમ.એસ.ઇ (ક્રેડીટ ગેરંટી ફંડ ટ્રસ્ટ ફોર માઈક્રો એન્ડ સ્મોલ એન્ટરપ્રાઈઝ (CGTMSE)) ફી અંતર્ગત કોલેટરલ ફ્રી લોન રકમમાં હાલ ગુજરાત દેશમાં ત્રીજા ક્રમે છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં સમગ્ર ગુજરાતમાં કુલ ૪૩ હજારથી વધારે એકમોને |

| | |
|---|---|
| | રૂ. ૮,૨૦૦ કરોડ (આઠ હજાર બસો કરોડ) થી વધારે ની કોલેટરલ ફ્રી લોન મંજૂર કરવામાં આવેલ છે.<br>• ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રેંકીંગમાં ગુજરાત ટોપ અચિવર રહેલ છે.<br>એમએસએમઈની વિવિધ યોજનાઓ<br>• ગુજરાત સરકાર દ્વારા ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ અને ઔધોગીક નીતિ- ૨૦૨૦ હેઠળ એમએસએમઈ એકમોને કુલ ૧0,000 કરોડ(દસ હજાર કરોડ) કરતા વધારે સહાયનુ ચુકવણુ કરવામાં આવેલ છે. જેનાથી એમએસએમઈ એકમો દ્વારા રૂ ૬0,000 કરોડ (સાઇઠ હજાર કરોડ) કરતા વધારેનુ રોકાણ કરેલ છે. |

(મુખ્ય પેજ પર જાઓ)

| અગ્રતા ક્રમાંક:૦૫<br>ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક- ૧૫/૪/૭૨૩ | |
|---|---|
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી કનુભાઇ પટેલ સાણંદ | |
| | |
| પેટા પ્રશ્ન: ૬ | ઝીરો ડીફેકટ ઝીરો ઈફેકટ (ZED) યોજના શું છે? |
| જવાબ | <u>ઝીરો ડીફેકટ ઝીરો ઈફેકટ યોજના (ZED)</u><br><br><u>ઝેડ સર્ટીફિકેટ નો ઉદ્દેશ</u><br><br>• ભારતના 68મા સ્વતંત્રતા દિવસ પર રાષ્ટ્રને સંબોધતા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ખાસ કરીને ભારતના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઈs)ને દેશમાં "ઝીરો ડીફેક્ટ" સાથે માલસામાનનું ઉત્પાદન કરવા અને ઉત્પાદિત થયેલ માલ સામાનની પર્યાવરણ પર "ઝીરો ઇફેક્ટ" થાય તેની પરિકલ્પના કરી હતી.<br><br>• ભારતના એમએસએમઈ એકમો દેશના અર્થતંત્રના વિકાસમાં અમૂલ્ય ફાળો ધરાવે છે આથી, એમએસએમઈ એકમો દ્વારા ઉત્પાદિત કરવામાં આવતી પ્રોડક્ટ "ઝીરો ડીફેક્ટ" ધરાવતી અને પર્યાવરણ પર "ઝીરો ઇફેક્ટ" ધરાવતી હોવી જોઇએ. વૈશ્વિક બજારોમાં સ્પર્ધા કરતી આંતરરાષ્ટ્રીય કંપનીઓ બજાર માટે ખામી મુક્ત ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આથી ભારતના એમએસએમઈ એકમોએ વૈશ્વિક બજારોમાં છાપ બનાવવા માટે તેઓની પ્રોડક્ટ ઝીરો ડિફેક્ટ ઝીરો ઇફેક્ટ કરવી પડશે જેથી વૈશ્વિક સ્પર્ધાત્મક બજારમાં નિકાસ કરી શકશે.<br><br>• કેન્દ્ર સરકાર દ્વારા એમએસએમઈ એકમોને વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મક બનાવવા, તેમને ટકાઉ અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ચેમ્પિયન તરીકે પરિવર્તિત કરવા માટે ઝીરો ડિફેક્ટ ઝીરો ઇફેક્ટ (ZED) પહેલની કલ્પના કરી છે. ઝેડ પ્રમાણપત્ર યોજના એપ્રિલ ૨૦૨૨માં જાહેર કરવામાં આવી છે.<br><br>• એમએસએમઈ સસ્ટેનેબલ (ZED) પ્રમાણપત્ર એ એમએસએમઈsમાં ઝીરો ડિફેક્ટ ઝીરો ઇફેક્ટ (ZED) વિશે જાગૃતિ લાવવા અને તેમને ઝેડ પ્રમાણપત્ર અને એમએસએમઈ ચેમ્પિયન બનવા માટે પ્રોત્સાહિત કરવા માટે એક વ્યાપક ઝુંબેશ છે. ઝેડ પ્રમાણપત્રમેળવવાની પ્રકિયા દ્વારા એમએસએમઈs એકમોમાં થતા વેસ્ટને નોંધપાત્ર રીતે ઘટાડી શકે છે, ઉત્પાદકતામાં વધારો કરી શકે છે, પર્યાવરણીય ચેતના વધારી શકે છે, ઊર્જા બચાવી શકે છે, કુદરતી સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કરી શકે છે. એમએસએમઈsને શ્રેષ્ઠ પ્રકિયા અપનાવવા, ઉત્પાદનોના માનકીકરણ માટે પ્રેરિત કરવામાં આવશે. |

| | |
|---|---|
| | • ઝેડ પ્રમાણપત્રનો હેતુ મૂલ્યાંકન, હેન્ડહોલ્ડિંગ, વ્યવસ્થાપક અને તકનીકી હસ્તક્ષેપ વગેરે પ્રકિયા દ્વારા એમએસએમઈની સ્પર્ધાત્મકતા વધારવાનો છે, તેથી તે માત્ર એક પ્રમાણપત્ર નથી.<br>**<u>ઝેડ પ્રમાણપત્ર લેવલ</u>**<br>• ઝેડ પ્રમાણપત્ર (૧) બ્રોન્ઝ (૨) સિલ્વર (૩) ગોલ્ડ એમ ત્રણ લેવલમાં આપવામાં આવે છે.<br>**<u>ઝેડ પ્રમાણપત્ર મેળવવા કેટલો ખર્ચ થાય છે?</u>**<br>• એમએસએમઈ એકમોને બ્રોન્ઝ સર્ટીફિકેટ મેળવવા રૂ. ૧૦ હજાર સિલ્વર સર્ટીફિકેટ મેળવવા રૂ.૪૦ હજાર અને ગોલ્ડ સર્ટીફિકેટ મેળવવા રૂ.૯૦ હજાર સુધીનો ખર્ચ થાય છે.<br>**<u>કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવતી સહાય</u>**<br>• કેન્દ્ર સરકાર દ્વારા માઇક્રો એકમોને ઝેડ પ્રમાણપત્રના ખર્ચના ૮૦%, સ્મોલ એકમોને ૬૦% તેમજ મીડીયમ એકમોને ૫૦% સુધીની સહાય આપવામાં આવે છે.<br>રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી સહાય<br>• કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવતી સહાય બાદ કરતાં થયેલ ખર્ચના ૫૦% અને મહત્તમ રૂ.૫૦,૦૦૦/-સુધીની સહાય આપવામાં આવે છે.<br>**<u>ઝેડ પ્રમાણપત્ર મેળવેલ એકમો</u>**<br>• તા.૦૬/૦૨/૨૦૨૪ની સ્થિતિએ રાજ્યના ૨૯૫૨૬(ઓગણ ત્રીસ હજાર પાંચસો છવીસ) એકમો ઝેડ પ્રમાણપત્ર ધરાવે છે, જે પૈકી ૨૯૪૫૯(ઓગણ ત્રીસ હજાર ચારસો ઓગણ સાઈઠ) એકમો બ્રોન્ઝ પ્રમાણપત્ર, ૩૫ એકમો સિલ્વર પ્રમાણપત્ર અને ૩૨ એકમો ગોલ્ડ પ્રમાણપત્ર ધરાવે છે અને હાલમાં સમગ્ર દેશ ઝેડ પ્રમાણપત્ર મેળવવામાં ગુજરાત પ્રથમ સ્થાન ધરાવે છે.<br>**<u>ઝેડ પ્રમાણપત્ર મેળવવાના ફાયદા:</u>**<br>• રેલવે દ્વારા પાર્સલની હેરફેરમાં ફ્રેઇટ ચાર્જમાં ડીસ્કાઉન્ટ આપવામાં આવે છે.<br>• વિવિધ બેંકો દ્વારા પ્રોસેસીંગ ફી અને વ્યાજ દરમાં કન્સેસન આપવામાં આવે છે.<br>• ક્રેડીટ ગેરંટી સ્કીમ હેઠળ કોલેટરલ ફ્રી લોનમાં ૮૫% સુધી ગેરંટી કવરેજ મળે છે તેમજ ગેરન્ટી ફીમાં ૧૦% રાહત મળે છે.<br>• કેન્દ્ર સરકાર દ્વારા માઇક્રો એકમોને ઝેડ પ્રમાણપત્રના ખર્ચના ૮૦%, સ્મોલ એકમોને ૬૦% તેમજ મીડીયમ એકમોને ૫૦% સુધીની સહાય આપવામાં આવે છે. તેમજ મહિલા/એસ.સી/એસ.ટી એન્ટરપ્રિનિયર એમએસએમઈ એકમોને ૧૦% વધુ સહાય આપવામાં આવે છે. |

(મુખ્ય પેજ પર જાઓ)

**તાલુકા કેટેગરી**

| ક્રમ | જિલ્લાઓ | કેટેગરી-૧ | કેટેગરી-૨ | કેટેગરી-૩ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ધોલેરા | વિરમગામ | દસક્રોઈ |
| | | દેત્રોજ-રામપુરા | | બાવળા |
| | | ધંધુકા | | ધોળકા |
| | | | | સાણંદ |
| | | | | માંડલ |
| | | | | અમદાવાદ સિટી |
| ૨ | અમરેલી | ખાંભા | રાજુલા | જાફરાબાદ |
| | | ધારી | બગસરા | |
| | | લિલિયા | અમરેલી | |
| | | સાવર કુંડલા | | |
| | | બાબરા | | |
| | | કુંકાવાવ વડીયા | | |
| | | લાઠી | | |
| ૩ | આણંદ | તારાપુર | ઉમરેઠ | આણંદ |
| | | અંકલાવ | ખંભાત | |
| | | સોજીત્રા | પેટલાદ | |
| ૪ | અરવલ્લી | ધનસુરા | મેઘરજ | |
| | | માલપુર | બાયડ | |
| | | | પેટલાદ | |
| ૫ | બનાસકાંઠા | લાખાણી | ડીસા | |
| | | અમીરગઢ | ભાભર | |
| | | સુઈગામ | પાલનપુર | |
| | | દાંતા | | |
| | | ધાનેરા | | |
| | | વાવ | | |
| | | કાંકરેજ | | |
| | | વડગામ | | |
| | | થરાદ | | |
| | | દીયોદર | | |
| | | દાંતીવાડા | | |
| ૬ | ભરૂચ | નેત્રંગ | અમોદ | ઝગડીયા |
| | | | જંબુસર | ભરૂચ |
| | | | વાલિયા | વાગરા |
| | | | | અંક્લેશ્વર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | હાંસોટ |
| ૭ | ભાવનગર | જેસર | મહુવા | ભાવનગર |
| | | ઉમરાળા | સિહોર | |
| | | વલ્લભિપુર | | |
| | | ગારીયાધાર | | |
| | | પાલિતાણા | | |
| | | તળાજા | | |
| | | ઘોઘા | | |
| ૮ | બોટાદ | રાણપુર | | |
| | | ગઢડા | | |
| | | બરવાળા | | |
| | | બોટાદ | | |
| ૯ | છોટા ઉદેપુર | છોટા ઉદેપુર | | |
| | | કાવંટ | | |
| | | નસવાડી | | |
| | | સંખેડા | | |
| | | બોડેલી | | |
| | | જેતપુર પાવી | | |
| ૧૦ | દેવભુમી દ્વારકા | કલ્યાણપુર | ઓખામંડળ | ખંભાળીયા |
| ૧૧ | દાહોદ | ધાનપુર | | |
| | | સંજેલી | | |
| | | લિમખેડા | | |
| | | દાહોદ | | |
| | | ઝાલોદ | | |
| | | સિંગવડ | | |
| | | ગરબડા | | |
| | | દેવગઢબારીયા | | |
| ૧૨ | ગાંધીનગર | | માણસા | કલોલ |
| | | | | દહેગામ |
| | | | | ગાંધીનગર |
| ૧૩ | ગીર-સોમનાથ | ગીર ગઢડા | ઊના | |
| | | તલાલા | કોડીનાર | |
| | | | સુત્રાપાડા | |
| | | | વેરાવળ | |
| ૧૪ | જામનગર | જોડિયા | જામજોધપુર | લાલપુર |
| | | | કાલાવડ | જામનગર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ધ્રોલ | |
| ૧૫ | જુનાગઢ | ભેસાણ | વિસાવદર | જુનાગઢ |
| | | મેંદરડા | માળીયા હાટીના | જુનાગઢ સિટી |
| | | | માંગરોલ | |
| | | | વંથલી | |
| | | | માણાવદર | |
| | | | કેશોદ | |
| ૧૬ | કચ્છ | રાપર | અબડાસા | મુંદ્રા |
| | | નખત્રાણા | ભચાઉ | અંજાર |
| | | લખપત | ભુજ | ગાંધીધામ |
| | | માંડવી | | |
| ૧૭ | ખેડા | ગલતેશ્વર | મહેમદાવાદ | ખેડા |
| | | માતર | કઠલાલ | નડિયાદ |
| | | વસો | ઠાસરા | |
| | | મહુધા | કપડવંજ | |
| ૧૮ | મહેસાણા | સતલાસણા | ઉંઝા | કડી |
| | | જોટાણા | વિજાપુર | મહેસાણા |
| | | ખેરાલુ | વિસનગર | |
| | | બેચરાજી | | |
| | | વડનગર | | |
| ૧૯ | મહિસાગર | ખાનપુર | લુણાવાડા | |
| | | કડાણા | બાલાસિનોર | |
| | | વિરપુર | સંતરામપુર | |
| ૨૦ | મોરબી | માલીયા | હળવદ | વાંકાનેર |
| | | | | મોરબી |
| | | | | ટંકારા |
| ૨૧ | નર્મદા | ગરુડેશ્વર | નાંદોદ | |
| | | ડેડીયાપાડા | | |
| | | તિલકવાડા | | |
| | | સાગબારા | | |
| ૨૨ | નવસારી | ખેરગામ | વાંસદા | નવસારી |
| | | | ચીખલી | |
| | | | જલાલપોર | |
| | | | ગણદેવી | |
| ૨૩ | પંચમહાલ | ઘોઘંબા | ગોધરા | હાલોલ |
| | | મોરવા(હડફ) | | કાલોલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | જાંબુઘોડા | | |
| | | શહેરા | | |
| ૨૪ | પાટણ | સરસ્વતિ | સિધ્ધપુર | |
| | | સાંતલપુર | ચાણસ્મા | |
| | | શંખેશ્વર | પાટણ | |
| | | સમી | | |
| | | રાધનપુર | | |
| | | હારીજ | | |
| ૨૫ | પોરબંદર | કુતિયાણા | પોરબંદર | |
| | | | રાણાવાવ | |
| ૨૬ | રાજકોટ | વિંછીયા | જસદણ | પડધરી |
| | | જામકડોરણા | ઉપલેટા | લોધિકા |
| | | | ધોરાજી | રાજકોટ |
| | | | જેતપુર | કોટડાસાંગાણી |
| | | | ગોંડલ | |
| ૨૭ | સાબરકાંઠા | પોશીના | તલોદ | |
| | | વિજયનગર | વડાલી | |
| | | ખેડબ્રહ્મા | ઈડર | |
| | | | પ્રાંતિજ | |
| | | | હિંમતનગર | |
| ૨૮ | સુરત | ઉમરપાડા | માંડવી | માંગરોળ |
| | | મહુવા | બારડોલી | કામરેજ |
| | | | | પલાસણા |
| | | | | ચોયાર્શી |
| | | | | ઓલપાડ |
| | | | | સુરત સિટી |
| ૨૯ | સુરેન્દ્રનગર | લખતર | થાનગઢ | વઢવાણ |
| | | ચુડા | ધ્રાંગધ્રા | |
| | | મૂળી | | |
| | | સાયલા | | |
| | | લિંમડી | | |
| | | દસાડા | | |
| | | ચોટીલા | | |
| ૩૦ | તાપી | કુકરમુંડા | વાલોડ | વ્યારા |
| | | ઉચ્છલ | | |
| | | નિઝર | | |

| | | | | |
|---|---|---|---|---|
| | | દોલવણ | | |
| | | સોનગઢ | | |
| ૩૧ | ડાંગ | સુબિર | | |
| | | વઘઈ | | |
| | | આહવા | | |
| ૩૨ | વડોદરા | સિનોર | ડભોઈ | વાઘોડીયા |
| | | ડેસર | | કરજણ |
| | | | | પાદરા |
| | | | | સાવલી |
| | | | | વડોદરા |
| ૩૩ | વલસાડ | કપરાડા | | વલસાડ |
| | | ધરમપુર | | પારડી |
| | | | | વાપી |
| | | | | ઉમરગામ |

(મુખ્ય પેજ પર જાઓ)